તા. 24-05-2024

સમય : સવારે 7.45(નેશનલ)

# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 24-05-2024 સવારે : 7.45 થી 7.55

- ✓ લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કા માટે આવતીકાલે થનારા મતદાનને લઈને તૈયારીઓ પૂર્ણ ..... સાત રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની કુલ 58 બેઠકો માટે થશે મતદાન... જમ્મૂ કાશ્મીરના સંવેદનશીલ વિસ્તારોમાં સુરક્ષા દળો રેડ અલર્ટ પર
- ✓ ટેલિકોમ મંત્રાલયે 60 લાખ જેટલા મોબાઇલ નંબરો નકલી ગણાવતા ઑપરેટર્સને પગલાં લેવા આદેશ કર્યો
- ✓ રાજસ્થાનમાં ગરમીનો પારો 48 ડિગ્રી સેલ્સિયસને પાર, કેરળના કેટલાક ભાગોમાં પૂર જેવી સ્થિતિ...ગુજરાત સહિત ઉત્તર ભારતના વિવિધ ભાગોમાં હીટવેવ યથાવત રહેવાની આગાહી....
- ✓ આજે IPLની ક્વૉલિફાયર 2માં રાજસ્થાન રોયલ્સ અને સનરાઇઝર્સ હૈદારાબાદ વચ્ચે મુકાબલો
- ✓ ભારતની 15 વર્ષિય પ્રીતિસ્મિતાએ વર્લ્ડ યુથ વેઇટલિફ્ટિંગની 40 કિલોગ્રામ વજન શ્રેણીમાં સુવર્ણ ચંદ્રક જીત્યો

## *SIXTH PHASE VOTING*

**લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કા માટે આવતીકાલે થનારા મતદાનને લઈને તૈયારીઓને અંતિમ ઓપ અપાયો છે.**

**આ તબક્કામાં સાત રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશ સહિતની કુલ 58 બેઠકો માટે મતદાન થવાનું છે. જેમાં બિહારની 8, હરિયાણાની તમામ 10,**

તા. 24-05-2024

સમય : સવારે 7.45(નેશનલ)

જમ્મૂ કાશ્મીરની 1, ઝારખઁડની 4, દિલ્હીની તમામ 7, ઓડિશાની 6, ઉત્તર પ્રદેશની 14 અને પશ્ચિમ બંગાળની 8 લોકસભા બેઠકો માટે મતદાન થશે. આ બેઠકો પર 889 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે.

.................

## LOC

જમ્મૂ કાશ્મીરમાં અનંતનાગ લોકસભા મત વિસ્તારમાં આવતીકાલે થનારા મતદાનને જોતા નિયંત્રણ રેખા નજીક ચાંપતો સુરક્ષા બંદોબસ્ત ગોઠવાયો છે.

અમારા સંવાદદાતાએ જણાવ્યુ કે રાજૌરી અને પૂંછ જિલ્લામાં કડક બંદોબસ્ત કરાયો છે. અહીંના પર્વતીય વિસ્તારોમાં મોટી સંખ્યામાં સુરક્ષા દળો તૈનાત કરાયા છે. નિયંત્રણ રેખા નજીકના મતદાન કેન્દ્રો પર સુરક્ષા દળોને રેડ અલર્ટ પર રાખવામાં આવ્યા છે.

અનંતનાગ-રાજૌરી લોકસભા બેઠક પર સાત મેના રોજ મતદાન થવાનું હતું. જોકે ખરાબ હવામાનને કારણે હવે 25 મેના રોજ મતદાન થશે.

.................

## CAMPAIGN TODAY

લોકસભા ચૂંટણીના અંતિમ તબક્કા માટે પ્રચાર અભિયાનની શરૂઆત થઈ છે.

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે પંજાબમાં ગુરદાસપુર અને જલંધરમાં ચૂંટણી સભા સંબોધશે. આ ઉપરાંત તેઓ હિમાચલ પ્રદેશના મંડીમાં ભાજપના ઉમેદવાર કંગના રણૌત માટે પ્રચાર કરશે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ બિહાર પ્રવાસે છે, આજે તેઓ આરા સંસદીય મત વિસ્તારમાં ચૂંટણી સભાને સંબોધશે. શ્રી શાહ ઝારખંડના જામતારા અને મધુપરુમાં પણ ચૂંટણી સભા કરશે.

તા. 24-05-2024

સમય : સવારે 7.45(નેશનલ)

કૉંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે આવતીકાલે હિમાચલ પ્રદેશના રોહરુમાં જ્યારે કે રાહુલ ગાંધી રવિવારે નાહન અને શિમલામાં ચૂંટણી પ્રચાર કરશે.

.................

## TELECOMMUNICATION

ટેલિકમ્યૂનિકેશન વિભાગે લગભગ 6.80 લાખ મોબાઇલ કનેક્શનોને નકલી અને ગેરકાયદેસર ગણાવ્યા છે.

વિભાગે જુદા જુદા ઑપરેટર્સને આ નિર્ધારિત મોબાઇલ નંબરોની તાત્કાલિક ખરાઈ કરીને પગલાં લેવા આદેશ કર્યો છે. તમામ ઑપરેટર્સે આગામી 60 દિવસમાં આ નંબરોની ખરાઈ કરવી અનિવાર્ય છે, જે નંબરોની ખરાઈ ન થઈ શકે તેમને તાત્કાલિક ધોરણે બંધ કરવા કહેવાયું છે.

.................

## PM SALAAM INDIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ભારતના નેતા પહેલા અન્ય દેશોથી અંતર રાખતા, જોકે અમે દુનિયા સાથે નિકટકતા વધારવા પર ભાર મૂક્યો છે.

નવી દિલ્હીમાં મીડિયા ચેનલ દ્વારા આયોજીત કાર્યક્રમ સલામ ઇન્ડિયામાં બોલતા પ્રધાનમંત્રીએ કહ્યું કે આ દેશનું દુર્ભાગ્ય છે કે કોઈને ખબર નહોતી પડતી કે દેશના પ્રધાનમંત્રી વિદેશ પ્રવાસે ગયા છે કે કેમ...તેમણે વિપક્ષ સામે પ્રહાર કરતા કહ્યું કે તેઓ ભારતીય લોકતંત્રને બદનામ કરવાના પ્રયાસો કરી રહ્યા છે.

.................

## IND WEATHER

દેશના ઉત્તરીય રાજ્યોમાં ગરમીમાં થોડી રાહત મળી શકે છે. જોકે ગુજરાત અને રાજસ્થાનમાં હીટવેવની સ્થિતિ યથાવત રહેશે.

તા. 24-05-2024

સમય : સવારે 7.45(નેશનલ)

રાજસ્થાનના બાડમેરમાં ગઈકાલે મહત્તમ તપમાન 48 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું અને ભિષણ ગરમીથી આઠ લોકોના મોત થયા છે. તો ગુજરાતના ઘણા ભાગોમાં તાપમાન 46 ડિગ્રીથી વધુ સેલ્સિયસ નોંધાયું હતું.

હવામાન વિભાગના દિલ્હી ખાતેના વૈજ્ઞાનિક  આર. કે. જેનામની અનુસાર દિલ્હીમાં પાછલા ત્રણ દિવસોમાં ગરમીથી રાહત મળી શકે છે. જોકે તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસની આસપાસ બનેલું રહેશે. તેમણે કહ્યુ કે 25 મે સુધી દિલ્હી સહિત દેશના ઘણા ભાગોમાં લૂની સ્થિતિ યથાવત રહેશે.

આ તરફ ઝારખંડ, બિહાર, ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં ગાજવીજ સાથે વરસાદની સંભાવના છે, આ વિસ્તારોમાં 40  કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. તો કેરળ, કર્ણાટક અને તામિલનાડુના કેટલાક ભાગોમાં ભારે વરસાદની સ્થિતિ બનેલી રહેશે.

કેરળમાં ભર ઉનાળે પૂર જેવી સ્થિતિ છે. અર્નાકુલમ અને થ્રિસ્સુરમાં રેડ અલર્ટ જ્યારે કે અન્ય આઠ જિલ્લાઓમાં ઑરેન્જ અર્લટ જાહેર કરાયું છે. આ જિલ્લાઓમાં ઠેર ઠેર ઇમારતો અને રસ્તાઓ પાણીમાં ગરકાવ બન્યા છે. ખરાબ હવામાનને જોતા માછીમારોને દરિયો નહીં ખેડવાની સલાહ આપવામાં આવી છે.

.................

## *PUTIN US*

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદીમીર પુતિને એક હુકમનામા પર હસ્તાક્ષર કર્યા છે, જેમાં રશિયમાં આવેલી અમેરિકી કંપનીઓ અને નાગરિકોની સંપત્તિ કબ્જે કરવાની મંજૂરી અપાઈ છે.

રશિયાએ આ કાર્યવાહી અમેરિકાના આવા જ એક પગલાંની પ્રતિક્રિયા રૂપે લીધી છે.

આ હુકમનામા અનુસાર રશિયાની કેન્દ્રીય બૅંક અને રશિયન સંસ્થાઓને અમેરિકી સંપત્તિને ગેરકાયદેસર કબ્જા મામલે અદાલતમાં કાનૂની ઉકેલ માગવાનો અધિકાર મળશે.

તા. 24-05-2024

સમય : સવારે 7.45(નેશનલ)

રશિયન સરકારનું એક વિશેષ પંચ અમેરિકી સંપત્તિઓની ઓળખ કરશે, જેમાં રશિયામાં ચાલી રહેલી ચળ-અચળ અમેરિકી સંપત્તિ, રશિય કંપનીઓમાં શેર અને સંપત્તિનો અધિકાર સામેલ છે. જેનો ઉપયોગ થનારા નુકસાનની ભરપાઈ માટે કરાશે.

આ પૂર્વે અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઇડને એપ્રિલમાં યુક્રેનના પુનર્નિર્માણ આર્થિક સમૃદ્ધિ અને અવસર અધિનિયમ પર હસ્તાક્ષર કર્યા હતા. જે વહીવટીતંત્રને અમેરિકામાં આવેલી રશિયન સરકારની સંપત્તિમાં લગભગ 5 બિલિયન ડોલર કબ્જે કરવાની મંજૂરી આપે છે.

.................

## *BREAK*

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

.................

## *IPL MATCH*

અને આજે IPLના બીજા ફાઇનલિસ્ટ માટે ક્વૉલિફાયર 2 મેચમાં રાજસ્થાન રોયલ્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચે મુકાબલો થશે.

ચેન્નઈના એમ. એ ચિદમ્બરમ સ્ટેડિયમમાં આ મેચ રમાશે. બંને ટીમો વચ્ચે અત્યાર સુધીમાં 19 મેચ રમાઈ છે, જેમાંથી સનરાઇઝર્સે હૈદરાબાદે 10...જ્યારે કે રાજસ્થાન રોયલ્સે 9 મેચ જીતી છે.

આ ટુર્નામેન્ટના પ્રથમ ક્વૉફાયર મેચમાં મંગળવારે કોલકાતા નાઇટરાઇડર્સે સનરાઇઝર્સ હૈદરાબાદને હરાવ્યું હતું. બીજી મેચમાં રાજસ્થાન

તા. 24-05-2024

સમય : સવારે 7.45(નેશનલ)

રોયલ્સે કોલકાતા નાઇટ રાઇડર્સ સામે હારનો સામનો કરવો પડ્યો. આઇપીએલની ફાઇનલ આ રવિવારે રમાવવાની છે.

.................

## *YUATH WEIGHT*

ભારતની 15 વર્ષીય પ્રીતિસ્મિતા ભોઈએ વર્લ્ડ યુથ વેઇટલિફ્ટિંગ સ્પર્ધાની 40 કિલો ગ્રામ કેટેગરીમાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે.

તેમણે ક્લિન એન્ડ જર્કમાં 76 કિ.ગ્રામ વજન ઊંચકી વિશ્વ રેકોર્ડ સર્જ્યો હતો. આ કેટેગરીમાં ભારતની જ્યોત્સનાએ 69 કિ.ગ્રા.વજન કેટેગરીમાં રજત ચંદ્રક મેળવ્યો.

પુરુષોની 49 કિ.ગ્રામ વજન શ્રેણીમાં ઝારખંડના બાબુલાલ હેમબ્રોમે 193 કિ.ગ્રામ વજન સાથે કાંસ્ય ચંદ્રક જીત્યો છે.

.................

## *BADMINTON*

ભારતીય શટલર્સ પીવી સિંધુ અને અશ્મિતા ચાલિહાએ મલેશિયા માસ્ટર્સ બેડમિન્ટન ટુર્નામેન્ટની મહિલા સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ મેળવ્યો છે.

સિંધુએ ગઈ કાલે પ્રી-ક્વાર્ટરમાં દક્ષિણ કોરિયાની યુ જિન સિમને હરાવી હતી. જ્યારે અશ્મિતાએ અમેરિકાની બેઇવેન ઝાંગને હરાવી હતી. જોકે પુરૂષ સિંગલ્સના પ્રી-ક્વાર્ટર્સમાં કિરણ જ્યોર્જને મલેશિયાના ઝી જિયા લી સામે હારનો સામનો કરવો પડ્યો હતો.

.................

## *SPAIN RESTAURANT*

સ્પેનના લોકપ્રિય પર્યટક સ્થળ મેલોરિકામાં ગુરુવારે સાંજે એક રેસ્ટોરેન્ટની છત તૂટી પડતા ઓછામાં ઓછા ચાર લોકોના મોત થયા છે, જ્યારે

તા. 24-05-2024

સમય : સવારે 7.45(નેશનલ)

કે અન્ય કેટલાક ઘાયલ થયા છે. દુર્ઘટનામાં 21 લોકોને ગંભીર ઈજા પહોંચી હતી.

.................

# CAMBODIA

કંબોડિયામાં ભારતીય દૂતાવાસ દ્વારા કૌભાંડીઓથી બચાવાયેલા 60 નાગરિકોનું પહેલું જૂથ ગઈકાલે સ્વદેશ પરત ફર્યું છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં ભારતીય દૂતાવાસે કંબોડિયન અધિકારીઓનો સહકાર બદલ આભાર માન્યો છે. આ નાગરિકોને નોકરી આપવાના બહાને ભારતીય એજન્ટો દ્વારા કંબોડિયા લઈ જવાયા હતા. જ્યાં તેમને ગોંધી રાખીને ગેરકાયદેસર કામ કરાવવામા આવી રહ્યા હતા.

કંબોડિયન અધિકારીઓ છેતરપિંડી કરીને રોજગાર અર્થે આવેલા 60 નાગરિકોને સ્વદેશ મોકલવા માટે મદદ કરી હતી.

.................

# TRAIN

પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદથી મુંબઇના રેલવે માર્ગ ઉપર વિરાર-વૈતરણા વચ્ચે હાથ ધરાનારી કામગીરીના લીધે આજે અને આવતીકાલે બે ટ્રેન રદ કરવામાં આવી છે. પાંચ અંશતઃ રદ કરાઇ છે જ્યારે 23 ટ્રેનો મોડી ચલાવાશે.

પશ્ચિમ રેલવની યાદીમાં જણાવ્યા મુજબ, આજે અને આવતીકાલે વિરાર-ડહાણુ લોકલ રજ કરાઇ છે. આ ઉપરાંત, સંજાણ- વિરાર મેમુ, વિરાર-ભરૂચ પેસેન્જર ટ્રેન અને સુરત-વિરાર પેસેન્જર ટ્રેનને દહાણુ રોડ સુધી ચલાવાશે.

આ ઉપરાંત અમદાવાદ-પૂણે દુરંતો એક્સપ્રેસ, ઓખા- મુંબઇ સેન્ટ્રલ એક્સપ્રેસ, અમદાવાદ-બાંદ્રા લોકશક્તિ એક્સપ્રેસ, વેરાવળ- બાંદ્રા એક્સપ્રેસ, એકતાનગર- દાદર એક્સપ્રેસ, અમદાવાદ- દાદર સુપરફાસ્ટ એક્સપ્રેસ અને

તા. 24-05-2024

સમય : સવારે 7.45(નેશનલ)

ભાવનગર- બાંદ્રા સુપરફાસ્ટ સહિત 23 ટ્રેનો નિર્ધારિત સમયપત્રક કરતાં મોડેથી ચલાવાશે.

.................

## *ISRAEL-HAMAS*

ઇઝરાયેલની વોર કેબિનેટે હમાસ દ્વારા બંધક બનાવાયેલ ઇઝરાયેલના નાગરિકોને મુક્ત કરવા સંબંધિતો સાથે અપ્રત્યક્ષ વાતચીત માટેની નવી માર્ગદર્શિકાને મંજૂરી આપી છે.

પ્રસાર માધ્યમોના અહેવાલ મુજબ વોર કેબિનેટે મોસાદના વડા ડેવિડ બર્મિયા સહિત બધા જ મસલતકારોને હમાસ સાથેની વાતચીત ચાલુ રાખવાનો નિર્દેશ આપ્યો છે.

ઉલ્લેખનીય છે કે, ઇઝરાયેલની મહિલા સૈનિકોના પરિવારજનોએ ગત સાતમી ઓકટોબરે હમાસ દ્વારા બંધક બનાવાયેલી પાંચ મહિલા સૈનિકો અંગે માહીતી આપતા ઇઝરાયેલની વોર કેબિનેટે નવી માર્ગદર્શિકા જારી કરી છે.

હમાસ દ્વારા હજીપણ 128 ઇઝરાયેલી નાગરિકોને બંધક બનાવ્યા હોવાનો અહેવાલ છે.

.................